

## વિધાનસભામાં ગાંધીનગર

- ધનંજય જોષી

# ગાંધીનગર જિલ્લામાં ગરીબી રેખા હેઠળ જીવતા ૪૪૫૩૫ પરિવારો

ગાંધીનગર જિલ્લામાં ગરીબી રેખા હેઠળ જીવતા ૦ થી ૧૬ ગુણાંકવાળા અને ૧૭ થી ૨૦ ગુણાંકવાળા પરિવારોની સંખ્યા કેટલી છે ? માણસાના ધારાસભ્ય સુરેશ પટેલના પ્રશ્ન અંગે ગ્રામ વિકાસ મંત્રીએ આપેલા જવાબમાં જણાંવ્યા મુજબ ગાંધીનગર જિલ્લામાં ગરીબી રેખા હેઠળ જીવતા પરિવારોની સંખ્યા ૪૪૫૩૫ છે. જયારે આ પૈકી ૦ થી ૧૬ ગુણાંકવાળા ૧૩૮૫૧ અને ૧૭ થી ૨૦ સ્કોર વચ્ચેના ૩૦૬૮૪ પરિવારોનો સમાવેશ થાય છે. જયારે છેલ્લા બે વર્ષમાં જિલ્લામાં ગરીબી રેખા નીચે જીવતા પરિવારોનો કેટલો વધારો થયો તેવા પેટા પ્રશ્નના જવાબમાં તેમણે જણાંવ્યુ હતુ કે ગાંધીનગર જિલ્લામાં ગરીબી રેખા હેઠળ બે વર્ષમાં ૭ પરિવારોનો ઉમેરો થયો છે.

- **મનરેગા યોજનામાં ગેરરીતીની કોઇ ફરિયાદ નહીં**

જિલ્લામાં બે વર્ષ દરમિયાન ભરાત સરકાર પાસેથી મનરેગા યોજના અંતર્ગત કેટલી રકમ ગુજરાત સરકારને મળી માણસાના ધારાસભ્યના પ્રશ્ન સંદર્ભે ગ્રામ વિકાસ મંત્રીએ રજુ કરેલા જવાબમાં જણાંવાયા મુજબ બે વર્ષમાં રૂ ૧૪૬૮૭૧ ફાળવવામાં આવ્યા છે. જયારે મનરેગા યોજના અન્વયે ગેરરીતીની કોઈ ફરિયાદ મળી નથી

- **જિલ્લામાં પશુચિકિત્સા અધિકારીની ૨ અને નિરિક્ષકની ૧૫ જગ્યા ખાલી**

ગાંધીનગર જિલ્લામાં પશુ ચિકિત્સા અધિકારી વર્ગ-૨ અને પશુધન નિરિક્ષકની કેટલી જગ્યા મંજુર છે અને તેની સામે કેટલી ખાલી છે ધંધુકાના ધારાસભ્ય રાજેશ ગોહીલના પ્રશ્ન સંદર્ભે પશુપાલન મંત્રીએ આપેલા ઉત્તરમાં જણાંવ્યા મુજબ ગાંધીનગર જિલ્લામાં પશુચિકિત્સા અધિકારી વર્ગ-૨ની ૪૬ જગ્યા મંજુર છે. જયારે પશુધન નિરિક્ષકની ૧૦૧ જગ્યા મંજુર છે. જયારે આ પૈકી પશુચિકિત્સા અધિકારીની ૨ અને પશુધન નિરિક્ષકની ૧૫ જગ્યા ખાલી છે. જયારે ખાલી જગ્યા ભરવા માટે ઝડપથી ભરવા માટે આયોજન કરવામાં આવશે.

- **આર ટી ઓને વાહન કેસ તેમજ પસંદગીના નંબરોમાં એક વર્ષમાં ૩.૩૬ કરોડની આવક**

ગાંધીનગર આર ટી ઓ કચેરી દ્વારા વર્ષ ૨૦૧૬-૧૭ માં કેટલા વાહન સામે કેસ કરવામાં આવ્યો દહેગામના ધારાસભ્યના પ્રશ્ન સંદર્ભે વાહન વ્યવહાર મંત્રીએ જણાંવ્યા મુજબ એક વર્ષમાં ૨૫૮૭ વાહન સામે કેસ કરવામાં આવ્યો જયારે આ અન્વયે રૂ ૧ કરોડનો દંડની આવક થઈ છે. જયારે વલ્લભભાઈ કાકડીયાના પ્રશ્નના જવાબમાં તેમણે જણાંવ્યુ હતુ કે એક વર્ષમાં ૫૧.૫૪૧ નોંધાયેલા વાહનો સાથે પસંદગીના નંબરોમાં આર ટી ઓને ૨.૩૬ કરોડની આવક થઈ છે.

- **જિલ્લાના પુસ્તકાલયોમાં વિવિધ સંવર્ગની ૧૪ જગ્યાઓ ખાલી**

ગાંધીનગર જિલ્લામાં સરકારી પુસ્તકાલયનુ મંજુર મહેકમ કેટલુ છે અને તે પૈકી વિવિધ સંવર્ગની કેટલી જગ્યાઓ ખાલી છે બાપુનગરના હીંમતસિંહ પટેલના પ્રશ્નના જવાબ સંદર્ભે રમતગમત મંત્રીએ આપેલા જવાબમાં જણાવાયા મુજબ ગ્રંથપાલ વર્ગ-૧ થી માંડી પટાવાળા સુધીના સંવર્ગમાં વિવિધ ૩૦ જગ્યાઓનુ મંજુર મહેકમ છે. જયારે આ પૈકી ૧૬ ભરાયેલી અને ૧૪ ખાલી છે.

● અનુસંધાન પાન-૭ પર



હાશકારો... - પરીક્ષાના અંતિમ પેપર પૂર્ણ થતાં ધોરણ-૧૦ અને ધોરણ-૧૨ના વિદ્યાર્થીઓએ ભારે ઉલ્લાસ અને સંતોષનો ભાવ એકસાથે પ્રગટ થતાં હાશકારાનો માહોલ સર્જાતો હતો... આખા વર્ષની ભારે મહેનત બાદ આપેલી કસોટી હેમખેમ પૂરી થતાં વિદ્યાર્થીઓમાં ભારે આનંદ વર્તાતો હતો...

# દહેગામના દોલતપરામાં ખોરાકી ઝેરથી ૨૮ ગાયોના કરૂણ મોત

## ૮૯ ગાયોને બચાવી લેવાઈ

ગાંધીનગર, તા. ૨૩

દહેગામ તાલુકાના દોલતપરા ખાતે ૧૧૭ જેટલી ગાયોને ખોરાકી ઝેરની અસર થતાં ૨૮ના મોત થયા છે જ્યારે ૮૯ ગાયોને બચાવી લેવામાં આવી છે.

હાલીસા અને સાણોદા નજીક આવેલ દોલતપરાના પાંચ ભરવાડ પરિવારોના પશુઓને આ ખોરાકી ઝેરની અસર થઈ હતી. મળતી વિગતો પ્રમાણે ૨૫ જેટલી ગાયોના ટપોટપ મોત થયા હતા જ્યારે ત્રણ ગાયોના સારવાર દરમ્યાન મોત નીપજ્યા હતા.

ગાયોના મરણ અંગેના સમાચાર મળતાં જ દહેગામ પશુ ચિકિત્સા અધિકારીની ટીમ ત્યાં પહોંચી હતી અને પળનોય વિલંબ કર્યા વિના સારવારની કામગીરી હાથ ધરી હતી.

બચાવી લેવામાં આવેલ ૮૯ ગાયોને હજુ બે દિવસ સઘન સારવાર આપવામાં આવશે તેમ તંત્રના સૂત્રોએ જણાવ્યુ છે.

દિવેલા/એરંડાના ખેતરમાં ભેલાણ અથવા ચરવા સારૂ પશુધનને નહિ લઈ જવાની સલાહ જિલ્લાના પશુપાલકોને તંત્ર દ્વારા આપવામાં આવી છે.

આજે મૃતક પશુધને વધુ પડતા એરંડા/દિવેલાના પાન ખાતાં તેમાં રહેલા રેસીન નામનુ ઝેરી તત્વની તીવ્ર અસર થતાં થયાં હોવાનું

● અનુસંધાન પાન-૭ પર

# જિલ્લામાં ક્ષયરોગના દર્દીઓ વધ્યા

ગાંધીનગર, તા. ૨૩

ગાંધીનગર જિલ્લામાં ક્ષયરોગના દર્દીઓની સંખ્યામાં સતત વધારો થતો જોવા મળ્યો છે.

૨૦૧૩માં આ રોગના દર્દીઓની સંખ્યા ૫૩૧ હતી તે વધીને ૨૦૧૭માં ૧૨૬૨ થઈ છે. આ દર્દીઓ ખાનગી તબીબોની મદદ થકી શોધી કાઢવામાં આવ્યા છે.

આજે ક્ષય દિવસની પૂર્વ સંધ્યાએ પ્રાપ્ત થયેલી વિગતો પ્રમાણે ગાંધીનગર ખાતે અદ્યતન ટેકનોલોજી સાથે હવે આ રોગની સારવાર શક્ય બની છે અને તેથી દર્દીઓની સંખ્યા જે વધી રહી છે તે સારી બાબત છે જેથી તેનો ચેપ વધતો અટકાવી શકાય છે.

ગાંધીનગર જિલ્લામાં ક્ષય રોગની આધુનિક ટેકનોલોજી સાથે સારવાર ઉપલબ્ધ થવા પામી છે. જિલ્લામાં ક્ષયરોગથી પિડાતા દર્દીઓના પુનઃસ્થાપનમાં જિલ્લાતંત્ર તેમજ ઔદ્યોગિક ગૃહનો પણ સહયોગ સાંપડ્યો છે અને તેના સારા પરિણામો આવ્યાનું તંત્રના સૂત્રોએ જણાવ્યુ છે.

# એચએસઆરપી નંબર પ્લેટ લગાવવાની મુદતને વધારાઈ

**રાજયમાં એક કરોડથી વધારે વાહનોમાં એચએસઆરપી નંબર પ્લેટ લગાવવાની બાકી**

અમદાવાદ,તા. ૨૩

રાજયમાં જૂના વાહનોમાં હાઈસીકયોરીટી નંબર પ્લેટ(એચએસઆરપી) લગાવવાની મુદતમાં રાજયના વાહનવ્યવહાર વિભાગ દ્વારા ફરી એકવાર વધારો કરવામાં આવ્યો છે અને હવે તા.૩૦મી એપ્રિલ સુધી આ મુદત લંબાવાઈ છે. રાજય સરકાર દ્વારા છેલ્લી બે વખતથી એચએસઆરપી લગાવવાની મુદત લંબાવવામાં આવી રહી છે પરંતુ તેમછતાં વાહનચાલકોના ધસારાને પહોંચી વળવુ એ ભારે કપરુ કાર્ય થઈ પડયું છે. જો કે, હજુ પણ રાજયમાં એક કરોડથી વધુ જૂના વાહનોમાં એચએસઆરપી નંબર પ્લેટ લગાવવાનું કામ બાકી છે. રાજયના જૂના વાહનોમાં એચએસઆરપી નંબર પ્લેટ લગાવવાની અગાઉની તારીખ તા.૧૫મી ફેબ્રુઆરી સુધી નિયત કરાઈ હતી. એ પછી આ મુદત લંબાવી તા.૩૧મી માર્ચ અંતિમ તારીખ જાહેર કરાઈ હતી પરંતુ હજુ સુધી રાજયના મોટાભાગના વાહનોમાં એચએસઆરપી નંબર પ્લેટ લગાવવાનું કામ અધૂરું હોવાથી રાજયના વાહન વ્યવહાર વિભાગ દ્વારા હવે એચએસઆરપી નંબર પ્લેટ લગાવવાની મુદત વધુ એક વખત લંબાવી તા.૩૦ એપ્રિલ જાહેર કરવામાં આવી છે. અમદાવાદ શહેરમાં આશરે ૨૫થી ૩૦ લાખથી વધુ વાહનોમાં હજુ પણ એચએસઆરપી નંબર પ્લેટ લગાવવાની બાકી રહી છે. એચએસઆરપી નંબર પ્લેટ લગાવવા માટે રાજય સરકાર દ્વારા તમામ આરટીઓ કચેરીમાં ખાસ વ્યવસ્થા કરવામાં આવી છે અને શકય એટલી ઝડપથી એચએસઆરપી લગાવવાનું કામ પૂર્ણ કરવા સૂચના અપાઈ છે પરંતુ તેમછતાં ઓછા સ્ટાફ અને ટાંચા સાધનો વચ્ચે એચએસઆરપીના કપરા કાર્યને પહોંચી વળવુ મુશ્કેલ છે.

# રાજયમાં બીપીએલ પરિવારોમાં વધારો

**ગાંધીનગર જિલ્લામાં બે વર્ષમાં ૭ પરિવાર વધ્યા : બી.પી.એલ. પરિવારમાંથી એક સભ્યને નોકરી આપો : ચાવડા, ૨૦૦૪ની તુલનામાં ૨૦૧૧-૧૨માં બી.પી.એલ. પરિવારોમાં ઘટાડો નોંધાયો છે : મંત્રી, બી.પી.એલ. પરિવારો અંગે પુનઃ સર્વે કરવાની માંગ કરતા સુરેશ પટેલ**

ગાંધીનગર, તા. ૨૩

આજે રાજ્ય વિધાનસભા ગૃહમાં રાજ્ય સરકારે સ્વીકાર કર્યો છે કે છેલ્લા બે વર્ષમાં ગરીબી રેખા નીચે જીવતા પરિવારોની સંખ્યામાં વધારો થયો છે.

જો કે રાજ્યમંત્રી બચુભાઈ ખાબડે એવો દાવો કર્યો છે કે ૨૦૦૪ની તુલનામાં ૨૦૧૧-૧૨ની અંદર રાજ્યમાં ગરીબ પરિવારોમાં ક્રમશઃ ઘટાડો નોંધાયો છે.

ગાંધીનગર જિલ્લાના માણસાના કોંગી ધારાસભ્ય સુરેશભાઈ પટેલના પ્રશ્નના ઉત્તરમાં મંત્રીશ્રીએ જણાવ્યુ છે કે બી.પી.એલ. પરિવારોની સંખ્યામાં વધારો થવાની લાગણી વ્યક્ત કરી છે પરંતુ આ અવિરત ચાલતી પ્રક્રિયા છે. તેમણે એમ પણ કહ્યુ હતુ કે આજે જે આંકડો છે તે ૨૦૦૨ના કરાયેલા સર્વેના આધારે આંકડા છે.

આ પછી થયેલા વસ્તી વધારાને કારણે કુટુંબોના વિભાજન થવાને કારણે, સ્થળાંતર થવાને કારણે પણ આમાં વધારો-ઘટાડો નોંધાયો છે.

તેમણે આંકડા સાથે વિગતો રજુ કરતાં જણાવ્યું હતું કે ૨૦૦૪માં ગ્રામ વિસ્તારમાં ૩૯.૧ ટકા અને શહેરી વિસ્તારમાં ૨૦.૦૧ ટકા મળી કુલ ૩૧.૦૬ ટકા પરિવારો હતા. જે ૨૦૦૯માં ઘટીને ગ્રામ્ય વિસ્તારમાં ૨૬.૦૭ ટકા, શહેરી વિસ્તારમાં ૧૭.૦૯ ટકા મળી કુલ ૨૩.૯ ટકા પરિવારો હતા. ૨૦૧૧-૧૨ની અંદર ગ્રામ્ય વિસ્તારમાં ૨૧.૫૪ ટકા અને શહેરી વિસ્તારમાં ૧૦.૫૪ ટકા મળી કુલ ૧૬.૬૩ ટકા પરિવારો હતા. આમ આવા પરિવારોની સંખ્યામાં ક્રમશઃ ઘટાડો જોવા મળ્યો છે.

ગાંધીનગર (ઉ)ના ધારાસભ્ય ડૉ. સી.જે. ચાવડાએ રાજ્યના ઔદ્યોગિક એકમોમાં દરેક બી.પી.એલ. પરિવારમાંથી એક વ્યક્તીને રોજગારી આપી ગરીબી નાબૂદીની દિશામાં પગલુ

● અનુસંધાન પાન-૭ પર




**બેસણું**

અમારા પરમ પૂજ્ય પિતાશ્રી **લાલજીભાઈ મુળજીભાઈ બારોટ** તા.૧૦-૩-૨૦૧૮ને શનિવારના રોજ દેવલોક પામ્યા છે. **સદ્ગતનું બેસણું તા. ૨૫-૩-૨૦૧૮ને રવિવારના રોજ સવારે ૯:૦૦ થી ૧૨:૦૦ કલાકે** નીચેના સ્થળે રાખેલ છે.

**સ્થળ :- રામ વસાહત, ફનવર્લ્ડ બગીચાની પાછળ, ધોળાકુવા, ગાંધીનગર**

**કુવંરબેન લાલજીભાઈ બારોટ**
**તરૂણ લાલજીભાઈ બારોટ**
**ખોડિદાસ લાલજીભાઈ બારોટ**
**લિ. મયુરીબેન નરેન્દ્રકુમાર બારોટ**
**આશાબેન બારોટ**
**અનિતાબેન હર્ષદકુમાર બારોટ**


# રાજયનું વધતુ જતુ દેવુ ચિંતાજનક : સી. જે. ચાવડા

**નાણાંકીય વ્યવસ્થાપનમાં સરકાર ઉણી ઉતરી છે : મેરજા, કેન્દ્રીય પગાર પંચના લાભો અંગેનો નિર્ણય ઝડપથી કરો : ડો. આશાબેન**

ગાંધીનગર, તા. ૨૩

રાજ્ય સરકારના વધતા જતા જાહેર દેવાને લઈ આજે ગાંધીનગર(ઉ)ના ધારાસભ્ય ડૉ. સી.જે. ચાવડાએ ચિંતાની લાગણી વ્યક્ત કરી હતી.

નાણાં વિભાગ પરની માંગણીઓ પરની ચર્ચામાં ભાગ લેતાં તેમણે જણાવ્યુ કે દેવુ વધવા પછી દાતારી દર્શાવવાની જરૂર નથી. નેનોને અપાયેલા લાભની આકરી ટીકા કરતાં તેમણે જણાવ્યુ હતુ કે જે વ્યાજદરે આ ગૃહને નાણાં અપાયા છે તેટલા ઓછા દરે ખેડૂતોને ધિરાણ આપ્યુ હોત તો રાજ્યમાં સમૃદ્ધિ વધી હોત.

ડૉ. ચાવડાએ સરકાર પર આક્ષેપ કરતાં જણાવ્યુ હતુ કે ભાજપના શાસનમાં દેવુ, દારૂ અને ભૂંડ સિવાય કશુ વધ્યુ નથી.

આ વિભાગ પરની ચર્ચામાં આજે પૂર્વ અધિકારીઓમાંથી રાજકારણી બનેલા ત્રણ ધારાસભ્યોએ ચર્ચાને રસપ્રદ બનાવી હતી. પૂર્વ નાયબ કલેક્ટર રહી ચૂકેલા બ્રિજેશ મેરજાએ સરકારની નાણાંકીય શિસ્તના અભાવને લઈ આકરી ટીકા કરી હતી. તેમણે જણાવ્યુ હતુ કે નાણાંકીય વ્યવસ્થાપન જાળવવામાં સરકાર નિષ્ફળ રહી છે. બિન યોજનાકીય ખર્ચનું પ્રમાણ વધવા પામ્યુ છે. તો પૂર્વ અધ્યાપિકા ડૉ. આશાબેન પટેલે ચર્ચામાં ભાગ લેતાં કર્મચારીઓના પગાર ધોરણની વિસંગતતા દૂર કરવા તેમજ તેને કેન્દ્રીય પગારપંચના અન્ય લાભો અંગે ઝડપથી નિર્ણય કરવા માંગ કરી હતી.

નાણાંમંત્રી નીતિન પટેલે પણ જવાબ ચોટદાર અને અસરકારક આપ્યો હતો. તેમણે નેનો પ્રોજેક્ટ પછી રાજ્યમાં સ્થપાયેલા અન્ય ઉદ્યોગોની પણ વાત કરી હતી.





















Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com